ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

KRCSC BHAVNAGAR

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૯/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

Phone : 0278-2570111 WhatsApp : 8866570111 Email : krcscbvn@gmail.com Website : www.krcscbhavnagar.org

ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ
અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી સહ.

Date: 21st June, 2022

પ્રતિ,
તંત્રી શ્રી,
................................, ભાવનગર.

**વર્ષ ૨૦૨૨-૨૦૨૩માટે 'આરોગ્ય અને સુખાકારી માટે ઇકોસિસ્ટમની સમજણ' મુખ્ય વિષય**
**૩૦મી 'રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ ૨૦૨૨' માટેની શિક્ષક તાલીમ કાર્યશાળાનું આયોજન.**
ગુજરાતના વધુમાં વધુ બાળકો સંશોધન તરફ પ્રેરાય તે માટે સયુંકત શિક્ષણ નિયામક શ્રી, માધ્યમિક શિક્ષણ અને નિયામક શ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય દ્વારા અનુરોધ કરાયો છે.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા બાળકોમાં સંશોધન રુચિ કેળવાય અને તે માટે જરૂરી પ્રોત્સાહન મળી રહે તે માટે ૩૦મી રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ ૨૦૨૨' (NCSC)નું 'આરોગ્ય અને સુખાકારી માટે ઇકોસિસ્ટમની સમજણ (UNDERSTANDING ECOSYSTEM FOR HEALTH AND WELL-BEING)' વિષય આધારે વિવિધ સ્તરે આયોજન કરવામાં આવે છે.

રાજ્ય કક્ષાએ NCSC કાર્યક્રમનું સંકલન GUJCOST (Dep. Of Science and Technology, Govt. of Gujarat) દ્વારા કરવામાં આવે છે. ભાવનગર જિલ્લા કક્ષાનું સંકલન GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા કરવામાં આવી રહ્યું છે.

વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૩ માટે મુખ્ય વિષય 'આરોગ્ય અને સુખાકારી માટે ઇકોસિસ્ટમની સમજણ (UNDERSTANDING ECOSYSTEM FOR HEALTH AND WELL-BEING)' અને પેટા વિષયો I: તમારી ઇકોસિસ્ટમ જાણો, II: આરોગ્ય પોષણ અને સુખાકારી બનાવટ, III: ઇકોસિસ્ટમ અને રાજ્ય સેવા માટે સામાજિક અને સામાજિક પ્રથાઓ, IV: સ્વ-નિર્ભરતા માટે ઇકોસિસ્ટમ આધારિત અભિગમ, V: ઇકોસિસ્ટમ અને તંત્ર માટે તકનીકી નવીનીકરણ જેવા નિર્ધારિત કરવામાં આવેલ છે.

૩૦ મી રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ ૨૦૨૨ અંતર્ગત બાળકોને સંશોધન માટે માર્ગદર્શન મળી રહે તેવા હેતુથી બાળકોના માર્ગદર્શક શિક્ષકો માટે જુન-૨૦૨૨ માસમાં શિક્ષક તાલીમ કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યશાળામાં જોડાવા માટે ભાવનગર જીલ્લાની દરેક ખાનગી, અર્ધ સરકારી, સરકારી તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓએ તા. ૦૫-૦૭-૨૦૨૨ પહેલા શિક્ષકની ઓનલાઈન નોંધણી **www.krcscbhavnagar.org** પર કરવાની રહેશે.

વધુ માહિતી માટે ૮૮૬૬૫૭૦૧૧૧ પર સવારે ૧૧ થી સાંજે ૫ વાગ્યા સુધીમાં સંપર્ક કરી શકાશે.

21/6/22
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.



follow us on KRCSCBhavnagar

Also like our facebook Pages: krcscbhavnagarpage | EBCBhavnagar | CreativeCHEMISTRYClub | BACBhavnagar | bapukhagolmelaBhavnagar | VIPNETClubBhavnagarGJ0013 | BURDBhavnagar